
# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૧




કોઇ અચાનક ધડાકાભેર ફૂટશે!
ને કોઇ દગાબાજ હાથમાં જ વછૂટશે!
તૂટશે કોઇ પક્ષથી, દૂર ફેંકાયા બાદ -
થશે સુરસુરીયું કોઇનું માથું કૂટશે!
(‘ટિકીટ’નું દારૂખાનું)

હાઈકુ

ધો ‘એકમત’!
કોઇ, કોઇથી નથી -
એ ‘સહમત’..
(સંઘ-વિહિપ-ભાજપ દ્વિધા)

કરે ‘સામના’
યમરાજનો પણ -
સેના નાયક..
(નાજૂક તબિયત)

## ચિંતન

**કાંશ્ચિતુચ્છયતિ પ્રપૂરતિ વા કાંશ્ચિન્નયત્યુન્નતિં કાંશ્ચિત્પાતવિધૌ કરોતિ ચ પુનઃ કાંશ્ચિન્નત્યા કુલાન ।**
**અન્યોન્યં પ્રતિપક્ષ સંહતિમિનાં લોક સ્મિતં બોધયન્નેષ ક્રીડતિ કૂપયન્ત્ર ઘટિકાન્યાયપ્રસક્તો વિધિઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘નસીબનો મહિમા’ના આ શ્લોક છે :-

વિધિ, વિધાતા-ભાગ્ય પોતે રેંટ - (કૂવામાંથી પાણી સીંચવાનું જૂનું સાધન)ના જેવું છે જેમાં પાણીના ડબ્બા જાતે ભરાતા જાય અને ઉપર પાણીના થાળામાં ઠલવાતા જાય છે એમ, એમ વિધિ માણસો સાથે ખેલ કરી રહ્યો છે. એટલે કે કેટલાક જનોને સમૃધ્ધિથી ભરી ઉપર લઇ જાય છે તો કેટલાક લોકોને તદ્દન ખાલી કરીને નીચે-પતનની ગર્તામાં ડૂબાડે છે. એટલે કે કેટલાકની આશા પૂર્ણ કરે છે કેટલાકને નિરાશાજનક પરિસ્થિતિમાં મુકી હતાશાની ગર્તામાં લઇ જાય છે. કેટલાકને આનંદજનક પરિસ્થિતિથી પરિપૂર્ણ કરે તો કેટલાકને આકુળ વ્યાકુળ કરી નીચે પાડે છે.

આમ વિધિ-વિધાતા સંસાર રૂપી કૂપમાં પણ કોઇને સમૃધ્ધ બનાવી ઉપર લઇ જાય છે તો કયારે કોઇને તદ્દન ખાલી કરી-સમૃધ્ધિથી હારી-બેકાર બનાવી નીચે લઇ જાય છે. આ વિધિની રમત છે.

**સમય-સંજોગો-પરિસ્થિતિ બદલતી રહે છે. આજે સત્તા છે કાલે તપાસની ખત્તા હોઇ શકે. આજ મહેલ છે કાલે જેલ હોઇ શકે, આનંદ મંગળ પછી દુઃખ-અમંગળ પણ આવી શકે. વિધિ-વિધાતા ભાગ્યના ખેલની કોઇ પણ પરિસ્થિતિ સમજીને સ્વીકારી લેવી જોઇએ.**

## સુવિચાર

- પરિવર્તન વિના પ્રગતિ અશક્ય છે - **જ્યોર્જ બર્નાડ શો**
- એક પરિવર્તન સિવાય અન્ય બધી જ વસ્તુઓ પરિવર્તનશીલ છે - **જેંગવિલ**
- પૃથ્વી પરિવર્તનશીલ છે, પરંતુ આત્મા અને પરમાત્મા અચળ-અવિચળ છે- **બ્રાઉનિંગ**
- દરેક ક્ષણે આપણે જાતે જ પરિવર્તન પામીએ છીએ જે કાંઇ હું થોડી ક્ષણો પહેલાં હતો તે આ ક્ષણે નથી - **બાયરન**
- સમગ્ર વસ્તુ-બાબતો, નવીન અને વિચિત્ર રૂપોમાં પરિવર્તન પામે છે - **લોંગ ફેલો**
- વિશ્વની સમસ્ત પરિસ્થિતિઓ એટલી બધી પરિવર્તનશીલ છે કે આપણા સિધ્ધાંત-માન્યતાઓ-કલ્પનાઓ-મૂલ્યો બધું જ મૂર્ખામીથી અધિક કંઇ નથી - **W_H સિયુવર્ડ**
- પરિવર્તન જ સૃષ્ટિ છે, જીવન છે, સ્થિર અને અટલ રહેવું મૃત્યુ છે, નિશ્ચેટ શાંતિ મૃત્યુ છે - **જયશંકર પ્રસાદ**

## બોધ કથા

આજે નેતાઓ, સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓ, સાધુ-સંત-મહાત્માઓ-પૂર્વ જ દેશનેતાઓની જન્મ-મરણ તિથિ ઉજવે છે, અને એમનાં સત્કાર્યોને શ્રધ્ધાંજલિ આપે છે, પણ બીજા જ દિવસે એ બધું જ ભૂલી પોતાનાં કૌભાંડ-ખાયકીમાં પરોવાઇ જાય છે. ખરેખર, સાચી અંજલિ એમના જીવન કાર્યો અને સંદેશનું જીવનમાં ‘આચરણ’ કરીને જ અપાય છે.

આર્ય સમાજનાં સંત સ્વામી દયાનંદ સરસ્વતી વિદ્વાન ચિંતક હતા, તેમના મુખ્ય અનુયાયી શિષ્યનું નામ હતું પંડિત, ગુરૂદત વિદ્યાર્થી.

એક વખત, સ્વામી દયાનંદજીના નિધન પછીની અંજલિ સભામાં એમનાં સદ્‌ગુણોનો ગુણાનુવાદની ચર્ચા થતી હતી. કોઇએ સ્વામીજી દયાનંદ સરસ્વતીની ‘જીવની’ પર કોઇ ‘જીવનકથા’ લખે એવી એમનાં પ્રિય શિષ્ય ગુરૂદત્ત વિદ્યાર્થીનું નામ આગળ આવ્યું, કામ સોંપાયું, ત્યારે ગુરૂદત્ત બોલ્યો, તમને ખબર નથી મે એમનાં જીવન બોધ પર પુસ્તક લખવાનું તો એમની હયાતિમાં જ શરૂ કરી દીધું હતું!

બધાને આશ્ચર્ય થયું. કોઇએ જોવા માગ્યું. ત્યારે ગુરૂદત્ત બોલ્યા, સંતનો આદેશ-ઉપદેશ જીવનમાં ઉતારવો એ જ એમને સાચી અંજલિ છે. હું એમની હયાતિથી જ એમનું અનુસરણ અને આદેશનું આચરણ કરૂં જ છું.

# આ અઘરૂં નામ યાદ રાખવા હરિયાની ખૂબ કોશીશ છતાં ય એ માત્ર ‘ગરીબ નિરવાણ જાત્રા’ એટલું જ યાદ રાખી શક્યો

### ● સમાચાર સેતુ

**- મૂળજીભાઇ પરમાર ‘દધિ’**

ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસનાં બીજા રવિવારે અચૂક મળતી સભા; તા. ૧૧-૧૧-૨૦૧૨ના રોજ, પરમ પવિત્ર અને આરાધ્ય વિષ્ણુસંગિની - મા લક્ષ્મીની આરાધનાના સપરમા પર્વ ‘‘ધનતેરસ’’ના દિવસે પણ, ખુશનુમા વાતાવરણના માહોલમાં સેકટર-૨૧ ખાતેનાં નમન એપાર્ટમેન્ટમાં સિનિયર સિટીઝન કાઉન્સિલના સદ્‌ભાવથી તેઓશ્રીના કાર્યાલયમાં, પ્રમુખશ્રી દોલતભાઈ ભટ્ટના અધ્યક્ષપણા હેઠળ સંપન્ન થઈ.

શબદની સંગિની મા શારદાની સ્તુતિ વંદનાથી સભાની શરૂઆતનું મંગલા ચરણ કરવામાં આવ્યું. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તેમના સ્નેહ અને લાગણીભર્યા વક્તવ્યમાં હાજર સર્વેનું ઉષ્માભર્યું સ્વાગત કરી, નવેમ્બર માસમાં જેઓનાં જન્મદિન હતો તેઓને અભિનંદનસહ શુભવાંચ્છનાઓ પાઠવી.

ત્યારબાદ, અગાઉથી નિયમ થયા પ્રમાણે; સાંપ્રત સમાજના બનાવોને સંબંધિત મૌલિક લઘુકથાઓ, સાહિત્યકાર અને નિવૃત્ત IAS હીરાલાલ બી. વરિયા અને યુવા સાહિત્યકાર સંજય થોરાત દ્વારા રજૂ કરવામાં આવી અને લલીત અગ્રવાલ દ્વારા હિન્દી ગઝલ અને ભરત કવિ ‘ઉર્મિલ’ દ્વારા ગઝલ રજૂ કરવામાં આવતાં, સર્વેએ દાદસહ મનભેર માણી, ત્યારબાદ આગામી શુભ દીપાવલી અને નવલાં નૂતનવર્ષની સર્વેને શુભકામનાઓ પાઠવી, સભાની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

### ● લઘુકથા : ગરીબ નિરવાણ જાત્રા

**(લેખક - હીરાલાલ વરિયા)**

એ શહેરમાં ગરીબી રેખા નીચેનાં પરિવારોની સંખ્યા સાવ નાખી દેવા જેટલી નજીવી તો નહોતી જ. ધનિયો, એની માંદલી બૈરી જીવલી, એક મોટો છોકરો હરિયો ને બીજો એનાથી નાનો લખુડો, આટલા ચાર જીવોનાં એ કુટુંબને બીપીએલ કાર્ડનું ઠેકાણું નહોતું પડ્યું. આમ તો એ કુટુંબ ‘ગરીબોમાં સૌથી ગરીબ’ પરિવારની વ્યાખ્યામાં સહેલાઈથી ગોઠવાઈ જાય એવું હતું. એ લોકો રોજ અચૂક મંદિરે જતાં. ભીખ માગવા જ સ્તો. સદાવ્રત કે મફત રસોડાનાં સ્થળે એ લોકો નિયમિત રીતે એક શ્રધ્ધાળુની માફક અને એમની શ્રધ્ધા અચૂક ફળતી. એ ચારેયને તે દિવસે પેટ ભરીને ખાવા મળી રહેતું.

આવા એ શહેરમાં હજી છ મહિના પહેલાં તો સરકાર દ્વારા એક મોટી ગરીબી નિવારણ યાત્રાનું આયોજન થયેલું. યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયેલ. કારણ કે, યાત્રાનાં આયોજકોએ બહોળી પ્રસિધ્ધિ માટે કોઈ ખામી નહોતી રાખી. એક મહિનાં તો પહેલાંથી શહેરમાં આ યાત્રાનાં કાર્યક્રમની જાહેરાત કરતાં મસમોટાં બોર્ડ સંખ્યાબંધ સ્થળે ગોઠવી દીધાં હતા. (મહાનુભાવોમાં ત્રણેક મો... ટાં ફોટા અને એક ગરીબ જેવા દેખાતા માણસનો એક નાનો ફોટો સમાવવા બોર્ડ મોટું બનાવવા સિવાય છૂટકો નહોતો) એ વખતે ધનિયાનો પરિવાર શહેરમાં એક ખૂણે વિસ્તરેલી એક ઝૂંપડપટ્ટીમાં વસેલો. કચરામાંથી હાથવગાં કરેલાં વાંસનાં સડી ગયેલાં ચાર ટૂકડાં ઉપર પ્લાસ્ટિકનાં રદ્દી ટૂકડાંઓને સાધીને બનાવેલ છત એ એમનું ઘર. ત્યાં એક દિ’ દબાણ ખાતાં ઉપર કાંઈક દબાણ આવ્યું. અડધી ઝૂંપડપટ્ટીનો સફાયો બોલી ગયો. એમાં આ ત્રણેયનાં આઠ બાય આઠની પ્લાસ્ટિકીયા છાયડાંનો જીવન - કાર્યક્રમ સંપન્ન થઈ ગયો. એક અઠવાડિયું તો ધનિયા કુટુંબે ઝાડનાં છાંયડે, કે પછી બસ સ્ટેન્ડ નીચે એમ કોઈ ને કોઈ જગ્યાએ તાપથી બળતી બપોર પસાર કરી દીધી. પણ ત્યાં ય રોજની કનડગતનાં ત્રાસથી કંટાળીને એક ફૂટપાથ માવડીનાં આશરે ધામા નાંખ્યા. સવાર-સાંજ તો મારા ભાઈ ઠીક, પણ બપોરનો દઝાડતો તડકો જીરવવો ભારી આખરો. મૂળથી જ માંદલી ધનિયાની બૈરી તો ઉનાળાની ગરમાગરમ લૂ સહન ન કરી શકી. એક દિ, એને આ ત્રાસ અને જિંદગી બેમાંથી કાયમ માટે છૂટકારો મળી ગયો.

બાર વર્ષનાં હરિયાની નજર રોજ સામેના ફૂટપાથ પર લાગેલા, ‘ગરીબી નિવારણ યાત્રા’નાં બોર્ડ ઉપર વારંવાર ચોંટી જતી. એ બોર્ડને કુતુહલથી જોતો. આમાં મોટા મોટા અક્ષરે શું લખ્યું છે એ જાણવાનું એને ખુબ મન થયું. રહેવાયું નહિ ત્યારે કોકને એણે હિંમત કરીને પુછી નાખ્યું; ‘એ સાહેબ, આ હામે પાટિયામાં શું લખીયું છે હેં?’ જવાબમાં કોઈકે કહ્યું, ‘ગરીબી નિવારણ યાત્રાનું બોર્ડ છે... શું સમજ પડી?’ આ અઘરૂં નામ યાદ રાખવા હરિયાની ખૂબ કોશીશ છતાં ય એ માત્ર ‘ગરીબ નિરવાણ જાત્રા’ એટલું જ યાદ રાખી શક્યો.

આમ તો એ યાત્રા પુરી થઈ ગયે એક મહિનો થઈ ગયો હતો. પવનનાં ઝાપટાઓએ યાત્રાનાં કેટલાક બોર્ડને જમીનદોસ્ત કરી દીધાં હતા. એક દિ’ ભારે વાવાઝોડું ઉપડ્યું. હરિયો જે બોર્ડનાં લખાણને ઉકેલવા મથતો હતો, એ બોર્ડનાં બે ય થાંભલાઓને વંટોળની એક જબરદસ્ત થાપટે શેરડીનાં સાંઠાની માફક વાળી નાંખ્યાં. એનાં આધારે ટકી રહેલું એક બાજું કાટકૂણે નમી પડ્યું. ગરીબી નિવારણ યાત્રાનાં લખાણવા અને એમાં મૂકેલાં ત્રણ-ચાર મોટાં મોટાં ફોટાઓ વાળી બોર્ડની સપાટી ભૂમિ ઉપર નમી રહી. હવે હરિયાને આ બોર્ડનાં લખાણને રોજ ઉકેલવાનો કાંઈ સવાલ રહેતો નહોતો. પણ તોય એની રોજની ટેવ પ્રમાણે કેડથી વાંકા વળી ગયેલાં એ બોર્ડને તાકીને જોઈ રહેતો. એક દિ’ અચાનક એનાં મનમાં શું આવ્યું કે ‘નીચે ધરતીને ઉપર આસમાન’ વાળી એમની રહેવાની જગ્યાએથી એ એ ઉભો થયો ને એ વળી ગયેલાં બોર્ડની ઓથ નીચે આસમ જમાવી દીધું. અત્યાર સુધી અનુભવેલા માથું ફાડી નાંખે તેવા ધોમધખતા તાપથી સરખામણીમાં, એને હવે બોર્ડની છત્રછાયાં નીચેનો છાંયડો હિમ જેવો ટાઢોબોળ લાગ્યો. પછી તો એનાં બાકીનાં પરિવારજનો પણ લબાચાં લઈને છાયડાં નીચે સાંકડમૂકડ ગોઠવાઈ ગયા. એ લોકોએ હવે બપોરનો આશરો શોધવા રોજ આથડવાની જરૂર ન રહી.

ત્યાં તો ચૂંટણીનો ગરમાવો શરૂ થયો. નવા બોર્ડો લગાવવા એજન્સીએ જૂના બોર્ડોને ઉતારવાનું શરૂ કર્યું. આ નમી પડેલું બોર્ડ પણ એક દિ’ એ એજન્સીવાળા ઉતારી ગયા. એ જાહેર હતી એટલે ત્યાં ચંટણીની આચાર સંહિતા અનુસાર કોઈ પક્ષનું બોર્ડ લગાવી શકાય તેમ ન હતું. નવું બોર્ડ કયારે લાગે છે, એની ખૂબ રાહ જોઈને નિરાશ થયેલા હરિયાએ એના બાપને એક દિ’ સવાલ કર્યો.

‘‘બાપુ આપણા શે’રમાં હવે ગરીબ નિરવાણ જાત્રા કયારે થાશે?’’

### ● દિવાળીનો દીવો

**- સંજય થોરાત**

આજે દિવાળી છે અને ઘરનાં સર્વે નાહી, ધોઈ નવાં વસ્ત્રો સાથે તૈયાર થઈ ગયા. દીપકભાઈના પત્ની નિતાબેન ‘ઔક્ષણ’ની થાળી તૈયાર કરી અને ઘરનાં એક બાદ એક પુરૂષોને પાટલે બેસાડી કુમકુમ અક્ષત લગાડી દિર્ઘાયુની કામનાં કરતાં દીવાથી ઓક્ષણ કરવાની વિધિ આનંદથી કરી...

પૂજાની વિધિ પતતાં થાળીને રસોડામાં સાઈડમાં નીચે મુકી સૌને નાસ્તાની પ્લેટ આપી નીતાબેન રસોઈની તૈયારીએ લાગ્યા... નાસ્તાની મજા માણી પુરૂષ વર્ગ એક બાદ એક ફરવાં, પગ છુટો કરવા આઘો પાછો થઈ ગયો... સાસુમાં ટીવી સામે ગોઠવાઈ સાસુ-વહુની સિરિયલમાં આવતી દિવાળી જોવાં મગ્ન થઈ ગયાં...

રસોડામાંથી આવન જાવન કરતાં નીતાબેનને અચાનક પેલી ઔક્ષણની થાળીમાં રહેલો દીવો કોરી કોટનની સાડીને લાગી ગયો... થોડીવાર સુધી તો ખબર જ ના પડી કે શું થાય છે, પણ સાડીએ આગ પકડતાં વાર ના લાગી અને નીતાબેન બૂમાબૂમ કરવાં લાગ્યા, ઘરમાં કોઈ પુરૂષો નહીં પણ ધૂમાડાં અને બૂમોની અવાજથી પાડોશી દોડી આવ્યાં અને જોતજોતામાં એમ્બ્યુલન્સ હવાઈના ફટાકડાં જેવી સિસોટીઓ મારતી આવતી ગઈ અને નીતાબેન બળેલાંનાં વિભાગમાં પહોંચી ગયા...

દિવાળીના રોશનીના તહેવારમાં પરિવારમાં અચાનક ઝાંખપ લાગી ગઈ... દવાખાનાની ગૅલરીમાંથી આખું વડોદરા શણગારાયેલું લાગતું હતું, આતશબાજી થતી હતી અને તહેવારનાં હલ્લાં ગુલ્લામાં નીતાબેનનાં જીવન દીપની વાત સંકેલાઈ ગઈ અને પરિવારમાં અંધકાર છવાઈ ગયો...

ગઈકાલે એ જ વડોદરામાં ફટાકડાં માર્કેટમાં આગ લાગતાં અચાનક આતશબાજી છવાઈ ગઈ અને એક મહિલાનું મૃત્યુ થયું, જાણે પેલાં નીતાબેનનું થયું હતું એમ જ... ગાંધીનગરમાં વસતાં નીતાબેનનાં પરિવારમાં આજે દિવાળીનું પર્વ ઉજવાઈ રહ્યું છે, ઔક્ષણની થાળી સજાવાઈ છે, દરેક નાના મોટા પર્વને માણે છે, મજા કરે છે... આજે એ વાતને ૧૨ વર્ષ થયાં...

પણ પેલાં ઔક્ષણના દીવાની જ્યોતમાં નીતાબેનનાં પિતાજીને એની વ્હાલસોઈ દીકરીનો ચહેરો દેખાય છે અને માતાને આગની જવાળામાં લપટાયેલી દીકરીની ચીસો સંભળાય છે... એક દિવાળીનો દીવો દરેક માટે અલગ અલગ પ્રકાશ ઉજાળે છે...

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ ‘શબ્દ સેતુ’

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર ‘દધિ’

# વંચિતોના વાણોતર વિદ્યાબેન વ્યાસ... તેમનો સંબંધ ફક્ત પરિવાર પુરતો સીમિત નથી, સમગ્ર માનવજાત માટે તેમનો નાતો છે

## સંબંધ સજાવે જિંદગી

- પોપટભાઈ એસ. પ્રજાપતિ

માનવી જીવનમાં માત્ર બે વસ્તુઓ માટે ઝઝુમે છે, કાં તો કિર્તી માટે કાં તો કલદાર માટે, પણ એમાં સ્વાર્થ અને આડંબર ભળે એટલે કિર્તી તો દૂર ભાગે, હાં યેનકેન પ્રકારે કલદાર બની શકાય. પણ આ બંનેની પરવા કર્યા વગર કેવળ જનસેવાને જ જીવનમંત્ર બનાવનાર બહુ ઓછા વિરલા હોય છે. વિદ્યાબેન વ્યાસને ગળથુથીમાં જ સેવાનાં સંસ્કાર મળેલા. એમનો સ્વભાવ બચપણથી જ પરગજુ. પારકાની પીડા જોઇ સંવેદના જાગે અને તેમને માટે કંઇક કરી જિંદગીને સાર્થક કરવાના સતત વિચારો આવે, ગ્રામ્ય વિસ્તારની વેદના અને અનુકંપાના તેઓ સાક્ષી રહ્યા છે. નબળાં વર્ગો તરફ તેમને સદાય લાગણી રહ્યા કરતી. સદ્‌ભાગ્યે તેમના પતિ ઉમેશભાઇ વ્યાસ પણ આ જ પ્રકૃતિ ધરાવતા એક ઉદાર દિલ અને પરગજુ માનવી હતા. પતિ-પત્નિએ ભેગા મળી વિચાર્યું આપણી જિંદગી તો ચાલ્યા કરશે પણ લોક સેવાને જ જીવન મંત્ર બનાવી પીડિતોની પીડા સમજવા પ્રયત્ન કરીએ અને શક્ય હોય ત્યાં મદદરૂપ બનીએ તો કેવું?



અને વિદ્યાબેન તથા ઉમેશભાઇએ સેવાનો મહાયજ્ઞ આરંભ્યો.

ઇ.સ. ૧૯૮૬ થી અને લગાતાર ૨૬ વર્ષે હજી આજે પણ આ યજ્ઞ ચાલુ જ છે. પ્રારંભ કર્યો મફ્ત શિવણ કલાસથી. પોતાના નાણાંથી બે-ત્રણ સિલાઇ મશીન લાવી બહેનોને પગભર બનાવવાનું શરૂ કર્યું. “શ્રી માનવ સેવા ટ્રસ્ટ” ના નામે સંસ્થા શરૂ કરી તેનું રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. જોત જોતામાં આશરે ૧૦૦૦ ઉપરાંત બહેનોએ શિવણ કલાસમાં મફ્ત તાલીમ લઇ જિંદગીમાં નવા અધ્યાયની શરૂઆત કરી. પછી તો ‘ગ્રીમકો’ અમદાવાદ સંસ્થામાંથી કટીંગ કરેલા કપડાં લાગવી બહેનો મોટે પાયે સ્કૂલના ગણવેશ તૈયાર કરવા લાગ્યા, વિદ્યાબેનની મહેનત રંગ લાવવા માંડી તેમનો ઉત્સાહ વધ્યો અને બહેનોના વિકાસ માટે નવા પ્રયોગો કરાવાનું જોમ આવ્યું. આ સમય દરમિયાન સરકાર દ્વારા સ્ટેનોગ્રાફરની ભરતી માટે જાહેરાતો આવવા માંડી તો વિદ્યાબેન અને રમેશભાઇએ લઘુલિપિની તાલીમ આપવા માંડી. નાત-જાત કે આવકના ભેદભાવ સિવાય સૌને મફ્ત તાલિમ આપવાનું શરૂ કરવામાં આવ્યું.

જેમાં ૮૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ તાલીમ લીધી અને ૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ સરકારી નોકરી પણ મેળવી લીધી. જી.એ.ડી. (સામાન્ય વહીવટ વિભાગ)માં સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ માં નોકરી કરતા પ્રવિણભાઇ જોષીનું યોગદાન પ્રસંશનીય રહ્યું. વિદ્યાબેને સેવાયજ્ઞનો ત્રીજો કુંડ તૈયાર કર્યો. ધો.૧૧-૧૨ પછીનાં અભ્યાસક્રમની માહિતી સચિત્ર પ્રદર્શનો, શિબિરો યોજી વિદ્યાર્થીઓને આપવા માંડી. ખુબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આમાં ભાગ લીધો ત્યાર બાદ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ બહેનોને જરૂરી માર્ગદર્શન આપી તાલીમ આપવા માંડી. રાષ્ટ્રીયકૃત બેન્ક દ્વારા યોજાતી પરીક્ષામાં આ સંસ્થાના ચાર વિદ્યાર્થીઓ સફળ રહ્યા. તલાટી બહેનો માટેની જાહેરાત પડતાં તે માટેનાં તાલિમવર્ગો પણ વિદ્યાબેને શરૂ કરાવ્યા. જેમાં પણ ૪૦ કરતાં



વધારે બહેનો તાલીમમાં જોડાઇ.

બહેનો માટે વર્ગ ૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો પણ નિવૃત્ત નાયબ કમિશ્નર શ્રી પી.પી. પુરોહિતના માર્ગદર્શન નીચે શરૂ કરાયા. વિદ્યાબેનને માનવીય સેવાની ભૂખ ઉઘડતી ગઇ કારણ કે પતિ ઉમેશભાઇ સતત તેમની પડખે હતા. આમ તો કહેવાય છે કે દરેક સફળ પુરૂષની પાછળ પત્નીનો હાથ હોય છે. અહિં તો વિદ્યાબેનની પડખે ઉમેશભાઇ આખેઆખા અડીખમ ઊભા હતા. અને માટે જ તેઓ પરિવારની ચિંતા બાળકો પર છોડી સતત સેવામય જીવન ગુજારવા લાગ્યા. પછી બહેનોના આરોગ્યની ચિંતા કરતાં તેમને ડો. સુવિણાબેન ચિતાણીયા, ડો. શ્રી વાઘેલા, ડો. મેહુલ બી. ઠાકર, ડો. સુધાબેન ઠાકર અને ડો. એન. જે મેઘાણીનો ભરપૂર સહયોગ મળી રહ્યો. ડો. મેઘાણી હોમીયોપથી ડોકટર છે અને છેલ્લા તેર વર્ષથી નિયમિત રીતે માનવ સેવા ટ્રસ્ટમાં સેવાઓ આપે છે. જેણે સેવાનો ભેખ ધારણ કર્યો હોય તેને સેવાના માર્ગો શોધવા પડતા નથી. જરૂરિયાતમંદ લોકો માટે પોષાક, પગરખાં અને પુસ્તકો એકઠા કરવાનો વિચાર સ્ફુર્યો. તેમની એક અપીલ પર ગાંધીનગરમાં જૂના કપડાં, પુસ્તકોનો પ્રવાહ શરૂ થઇ ગયો. એકવાર સિવિલ હોસ્પિટલમાં ઉડતી મુલાકાતે ગયા ત્યાં ગ્રામ્ય વિસ્તારમાંથી આવતાં દર્દીના સગાંઓને જમવાની તકલીફ પડતી જોઇ અને તેમણે સિવિલમાં ટિફીન સેવાનો પ્રારંભ કર્યો. સવારે ૧૦ વાગતા સુધી જેટલા ઓર્ડર આવે તેટલી રસોઇ તેઓ જાતે બનાવતા અને ટિફીન પહોંચાડવાનું કામ ઉમેશભાઇ કરતા. સામાન્ય રીતે પતિદેવો સેવાકીય પ્રવૃત્તિમાં ડુબેલા હોય અને પત્ની ઘર સાચવીને બેસી રહે. અહિં વિશેષતા એ છે કે પત્નીને સેવાની લગની લાગી છે અને પતિદેવ તેમનો પડછાયો બની સતત તેમની પડખે ઊભા રહે છે. શ્રીમતિ વિદ્યાબેનની લોકસેવાની ધગશ જોતાં એમ જરૂર કહી શકાય કે તેઓ વંચિતોના બાણોત્તર છે... તેમનો સંબંધી ફક્ત પરિવાર પુરતો સીમિત નથી. સમગ્ર માનવજાત સાથે તેમનો નાતો છે. આવા મુક સેવકોની ઓળખ કરાવવાનું કામ જ “સંબંધ સજાવે જિંદગી” નું છે ને?...

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૭મી નવેમ્બર**

- ‘અમાસના તારા’ આહ્‌લાદક શૈલીનાં સ્મરણ ચિત્રો લખનારા કિસનસિંહ ચાવડાનો જન્મ-૧૯૦૪.
  અનેક ગ્રંથો, સંપાદનો, અનુવાદોના લેખક અરવિંદ વ્યાખ્યાનમાળામાં પ્રવચન આપતા હતાં તે દરમિયાન જ ૧૯૭૯માં અવસાન થયું.
- અરવિંદની વિચારધારાને વિશ્વભરના લોકો સુધી પહોંચાડનાર ‘શ્રીમતી મીરાં અલ્ફોન્ઝે’ ‘માતાજી’ની પુણ્યતિથિ. કલ્યાણગ્રામ - ઓરોવિલ વિશ્વ નગરીનાં નિર્માતા. તેમનો જન્મ પેરિસનાં ધનાઢ્ય કુટુંબમાં થયો હતો.
- ૧૯૧૭ - રશિયામાં રાજાશાહી નાબૂદ થઇ.
- ૧૯૩૧ - તાર્તારિખાનનાં ત્યાં નસીરૂદ્દીન અહેમદશાહનો જન્મ.
- ૧૫૫૮ - ઇંગ્લેન્ડની પ્રથમ રાણી મેરીનું અવસાન.



- ૧૯૨૮ - લાલા લજપતરાયનું અવસાન.

# સતત પ્રયત્નશીલ રહેવાનો નિર્ધાર ને કોઈ પણ સંજોગોમાં ન થાકવાની મનોવૃત્તિ જ સફળતાના અધિકારી બનાવે છે

## લાગણીનો મેળો

- રસિક વાળંદ ‘નિર્ઝર’

**મન મથુરા દિલ દ્વારકા, કાયા કાશી જાણે**
**પ્રાણ પ્રાચી આતમ અયોધ્યા એ તીરથ પહેચાણ**
**સમજ ગંગામાં નાહીને કર અંતર યાત્રા ધ્યાન**

“તું જે કંઇ કરે તે ઉત્તમ રીતે કેમ નથી કરતો?” વિદ્યાર્થીને કરેલો આ પ્રશ્ન આપણે પણ પોતાની જાતને પૂછવો જોઇએ. આના વિશે કયારેય વિચાર્યું છે ખરૂં જે શક્તિબીજ આપણી અંદર પડેલાં છે એમને વિકસવા કયારેય તક આપી છે ખરી? શું આપણે જયાં જન્મ્યા છીએ કે જયાં જીવીએ છીએ ત્યાં જ ‘એકલપેટા’ કે ‘એકલરામ’ બની જિંદગી ખેંચી કાઢવાની? વિશ્વનિયંતાના ચોક્કસ નિયમો આધારિત આ આખુયે વિશ્વ ચાલે છે. આપણે પણ એના એક અંશ કે ભાગ જ છીએ. આપણને પણ એ બધા નિયમો લાગુ પડે જ. આપણા જીવનની સુખ-સ્મૃધ્ધિ, સ્વાસ્થ્ય અને સમગ્ર જીવનનો આધાર આ નિયમાવલિ ઉપર જ અવલંબિત છે. છતાં પણ જીવન શી રીતે જીવવું, એનો ઉત્તમોત્તમ ઉપયોગ કેમ કરી કરવો એ અંગે કયારેય કદી વિચારીએ છીએ ખરાં?

આ બધું કોઇ એક દિવસમાં કે ક્ષણિક વિચાર કરવાથી ન થાય. ઉત્તમોત્તમ જીવન જીવવું હોય તો પ્રત્યેક ક્ષણે ડગલે પગલે જાગૃતિ કેળવવી પડે. આયાસપૂર્વક સભાનતાથી આગળ વધીએ તો જ જીવન સાફલ્ય સાંપડે. જરા ઊંડાણથી વિચારીએ તો સમજાશે કે જીવન એટલે ઇશ્વરીય શક્તિની અભિવ્યક્તિ. નાનું મોટું કંઇ સર્જન કરવાની ઇચ્છા જાગે કે કેમ ન થાય એની પાછળ સતત પ્રવાહિત રહેલું ઇશ્વરીય તત્ત્વ જ છે.

આપણે કોણ છીએ, આપણી આસપાસનું વાતાવરણ કેવું છે, આપણી પૂર્વભૂમિકા કેવી છે, આપણે કેટલું ભણ્યા છીએ... એવી કોઇ જ બાબત લક્ષ્યમાં લીધા વગર જરા અંતર્મુખ થઇ જાત સાથે સંવાદ સાધીશું તો જણાશે કે એક રચનાત્મક શક્તિ આપણી અંદર ક્રિયાશીલ છે. એને તો કોઇ પણ રીતે આપણા જીવનમાં માંગલ્ય પ્રગટાવવું છે. માટે એ પ્રેરણા આપવા માગે છે... આ અંતર્નાદ અચૂક સંભળાશે...!!!

આ વિરાટ વિશ્વમાં સ્વૈરવિહાર કરી વિકસવા માટે જ ઇશ્વરે ઇચ્છા સ્વાતંત્ર્ય બક્ષ્યું છે, આ ઇશ્વર દત્ત જીવનને પોતાની આગવી રીતી-નીતિથી વિકાસના માર્ગે લઇ જવા આતુર એવી એક મહાન દિવ્યશક્તિ સતત રાહ જોતી બેઠી છે... એ અપેક્ષા પૂર્ણ કરીશું ખરા?!!

સદ્‌ભાગ્યે આપણે આ મહાન શક્તિનાં માધ્યમ છીએ. શક્તિનો પ્રવાહ અસીમ છે, એનો ઉપયોગ કરશો એમ ઉમેરો જ થતો જશે. ત્યારે વિવિધ રસ્તે જે કાંઇ પ્રેરણા મળે તેને ઝીલીને આ શક્તિ પ્રગટાવવા કોઇ પણ કલા-ચિત્ર-સંગીત-નૃત્ય કે ક્ષેત્રમાં આ રસને કેળવી જાણો! સામે તમારી પરીક્ષા કરી નાખે એવી પ્રતિકૂળતાઓ પણ ઉદ્‌ભવશે... ત્યારે આ બધુંયે નિરર્થક જણાશે... દુનિયા વિરૂધ્ધમાં જતી જણાશે... કોઇ કદર પણ નહીં કરે... પરંતુ પુરૂષાર્થ કરવાની આપણી ફરજ ન ચૂકીએ... કોઇ નોંધ લે કે ન લે... પુરી નિષ્ઠાથી ઉત્તમોત્તમ રીતે કર્મ પ્રવૃત્ત થશો તો પેલી ધસમસતી નદીના પૂરની જેમ માર્ગમાં આવતું સઘળું ઘસડીને ખેંચી જશે.

દોસ્તો... કોઇ કામ કે જવાબદારી નિભાવવા જતાં એવું પણ જણાશે કે કોઇ કદર કરતું નથી, કોઇ નોંધ લેતું નથી આવી બેકદરદાની માટે જગત સાથે ઝઘડવાનો શો અર્થ? હકીકતમાં દુનિા પોતાની ઝંઝટમાં એટલી બધી ગૂંચવાયેલી છે કે એને બીજામાં રસ નથી. આ સમજી લેવું રહ્યું. બીજી એક વાત પણ યાદ રાખો દુનિયા પાસે કશાય બદલાની અપેક્ષા સા માટે રાખવી? અને વળી, બદલો તત્કાળ મળે એવો આગ્રહ પણ શા માટે? ધૈર્ય અને ખંતથી કરેલાં કાર્યનો બદલો સવાયા વ્યાજ સાથે મળશે. બસ કામનો આરંભ કરો... શરૂઆતમાં ભલે નિષ્ફળતા મળે અને અસંતોષ પણ થાય પ...ણ... ‘મારામાં રહેલી ઇશ્વરીય શક્તિનો હું નિમિત્ત માત્ર છું.’ આ સત્યનું સતત રટણ કરતા રહો.

માનવજાતના કલ્યાણ માટે સમગ્ર જીવન હોડમાં મૂકી સંશોધનરત ઋષિતુલ્ય આપણા વૈજ્ઞાનિકો પોતાનાં મહામૂલાં વર્ષો ખર્ચીને અવનવી શોધો કરી જગતને ઋણી બનાવે છે. આ સફળતાઓ કંઇ રાતોરાત મળતી નથી, અનેક નિષ્ફળતાઓ પછી સફળતાનું પ્રાગટ્ય થતું હોય છે. સતત પ્રયત્નશીલ રહેવાનો નિર્ધાર ને કોઇ પણ સંજોગોમાં ન થાકવાની મનોવૃત્તિ જ સફળતાના અધિકારી બનાવે છે. આ જગતની મહાન સિધ્ધિઓ આ રીતે જ મળી છે.

મિત્રો... તમે પણ તમારા રોજિંદા જીવનમાં આ દૃષ્ટિકોણ કેળવશો તો જીવન જીવવા યોગ્ય લાગશે. તમને પણ નાની મોટી તક કે આહ્‌વાહન મળે ત્યારે તમારી તમામ શક્તિઓને કામે લગાડો. સફળતાના સુંદર પરિણામો અવશ્ય જોવા મળશે.

વિચાર, ભાવના, શ્રધ્ધા વિશ્વાસ અને કાર્યના પંચામૃત દ્વારા અંતરતમમાં રહેલી મહાન શક્તિને ક્રિયાશીલ બનાવો અને પૂર્ણતાના દિવ્યપથ પ્રવાસી બનો એ જ અભ્યર્થના...!!

**- : સ્પર્શમણિ : -**

“એ સાચું છે કે તમારા પોતાના પ્રયત્નો સિવાય પણ ઇશ્વરની શક્તિ અસરકારક રીતે કાર્ય કરી શકે છે. આ શક્તિને પોતાના કાર્ય માટે તમારા પ્રયત્નોની નહીં, તમારી સંમતિની જ જરૂર હોય છે.”

**- શ્રી અરવિંદ**